# ચિલોડા મોટા ઉપનગર તરીકે વિકસતુ હોવા છતાં જાહેર શૌચાલયના અભાવે લોકો હેરાન પરેશાન

ચિલોડા, તા. ૧૯

ગુજરાત રાજ્યમાં સ્વચ્છતા અને શૌચાલયો અંગે અનેક અભિયાનો ચાલે છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દિવસોની ઉજવણી થાય છે. પરંતુ સાચે જ કોઈ યોજનાના લાભો કે અમલવારી અંગે હજુ જાગૃતિના અભાવે,



વહીવટીતંત્રની શિથિલતા, બેદરકારી, દુર્લક્ષતાની હવે હદ માની શકાય તેવી તંત્રની લાપરવાહીથી જરૂરિયાતમંદ પ્રાથમિક સુવિધા પ્રત્યે ક્યાં સુધી સત્તાવાહકતંત્ર કુંભનિંદ્રામાંથી જાગશે. જેમાં ચિલોડા મોટા ઉપનગર તરીકે વિકસતુ એકમાત્ર શૌચાલયના અભાવે લોકોના મુખમાંથી એક માત્ર સવાલ સાંભળવા મળે છે કે આવડુ મોટા ચિલોડા વિસ્તારમાં શૌચાલય ક્યાં છે ? અનેક લોકો શૌચાલય વિના હેરાન પરેશાન વેઠી રહ્યા છે. જ્યારે હિંમતનગર જવાના માર્ગ નજીક આવેલું પેટા આરોગ્ય કેન્દ્રની સામે લોકો ના છૂટકે ઉભા ઉભા શૌચક્રિયા કરતા માલુમ પડે છે. જેમાં આ કેન્દ્રની સામે ગંદકીના ઢગ મંડાયા છે. ગંદકીનો કોઈ પાર નથી કે કોઈ અધિકારીને સ્વચ્છતા કે સુવિધા માટે વિચાર શુદ્ધા આવતો નથી. હવે હદ થાય છે. એક બાજુ વિશ્વ શૌચાલય દિવસની ઉજવણી થાય છે જ્યારે એક માત્ર શૌચાલય ચિલોડા ખાતે સુવિધા તાકિદે બને તો ખરા અર્થમાં દિવસનું માહાત્મ્ય સાર્થક બને તેવી લોકમાંગણી પ્રવર્તી રહી છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)


# ગુજરાતને વીજ વિતરણ ક્ષેત્રની શ્રેષ્ઠ કામગીરી માટે ત્રણ એવોર્ડ

ગાંધીનગર, તા. ૧૯

કલકત્તા ખાતે વડુ મથક ધરાવતી ઈન્ડીયન ચેમ્બર્સ ઓફ કોમર્સ (આઈસીસી) દ્વારા રાષ્ટ્રમાં વીજ ક્ષેત્રે રાજ્યો માટે પાવર એક્સેલન્સ ૨૦૧૩ અને દેશના રાજ્યોમાં આવેલ વીજ વિતરણ કંપનીઓ માટે ઈનોવેશન વીથ ઈમ્પેક્ટ એવોર્ડ જાહેર કરવામાં આવ્યાં છે. આમાંથી ગુજરાત રાજ્યને પાવર એક્સેલન્સ ૨૦૧૩નો એવોર્ડ તથા ગુજરાત રાજ્યની ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. કંપનીની બે વીજ વિતરણ કંપનીઓ-મધ્ય ગુજરાત વીજ કંપની લી. અને દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.ને વીજ વિતરણ ક્ષેત્રે ડીસ્ટ્રીબ્યુશન સાઈડ મેનેજમેન્ટ, ડીમાન્ડ સાઈડ મેનેજમેન્ટની શ્રેણીમાં એવોર્ડ પ્રાપ્ત થયો છે. તા. ૧૫મી નવેમ્બર, ૨૦૧૩ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ ઈન્ડીયન ચેમ્બર્સ ઓફ કોમર્સ (આઈસીસી)ના 'ધી સેવન્થ ઈન્ડીયા એનર્જી સમિટ' સમારંભમાં આ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.

આ એવોર્ડની નિર્ણાયક સમિતિના અધ્યક્ષ તરીકે ભારત સરકારના ભુતપૂર્વ વિદ્યુત સચિવ શ્રી અનિલ રાજદાન હતા. ગુજરાત રાજ્યએ દેશના કુલ ૩૦ રાજ્યોમાંથી સૌપ્રથમ સ્થાન મેળવીને આ એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. આ એવોર્ડ દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.ના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી એચ.એસ. પટેલ આઈએએસ અને મધ્ય ગુજરાત વીજ કંપની લી.ના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી એસ.બી. ખયાલીયાએ સ્વીકાર્યો હતો.

## શબ્દાવલી - ૫૨૩૨



### આડી ચાવી

૧. ના પાડવી તે, ... કરવો (૪)
૩. સમય, ટાઈમ (૩)
૬. અધુરૂં હોવું તે (૪)
૭. લાલુપ્રસાદ યાદવના પત્ની (૫)
૮. અવાજ (૨)
૧૨. ખખડાવવું, ડારવું (૫)
૧૪. મુદત, ચુકવણું કરવા અપાતી થોડા સમયની છૂટ (૪)
૧૫. પ્રેમ, લવ ... કા મતલબ ILU (૨)
૧૬. શ્રવણેન્દ્રિય (૨)
૧૭. પાંચમે ખવાતું એક ધાન્ય (૨)
૧૯. સતોગુણ, ... ગુણ તમોગુણ (૨)
૨૧. વિચાર, મંતવ્ય (૨)
૨૨. ટોકણી કરવી તે (૩)

### ઊભી ચાવી

૧. સંમતિ, કબુલાત (૪)
૨. કાપડ વેચનારો (૪)
૩. વધારે, ઘણું (૨)
૪. પાન પાકી જાય તેને પાનનું... કહેવાય (૩)
૫. તપસ્યા (૨)
૬. સતત, અટક્યા વગર (૪)
૯. મોટાઈ, મોટાપણું (૩)
૧૦. તાજુ, જૂનું ના હોય તેવું (૨)
૧૧. શ્રમ, મજુરી (૪)
૧૨. તરફડાટ, આતુરતા (૪)
૧૩. ખંજવાળ, ચળ (૩)
૧૪. રહેઠાણ (૩)
૧૮. તક (૨)
૨૦. જુસ્સો (૨)

### શબ્દાવલી ૫૨૩૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) શણગાર (૫) વીતરાગ (૬) માણેકચંદ (૮) ચપળતા (૧૦) કુંપળ (૧૨) લીખ (૧૪) માદકતા (૧૫) કોમન (૧૬) માનવા (૧૭) નભ (૧૮) મદાર

**ઊભી ચાવી :-** (૧) શરમાળ (૨) ગાયક (૩) લાત (૪) અંગત (૫) વીદપ (૭) ચંચળતા (૯) તાલીમ (૧૦) કુંદન (૧૧) પકવાન (૧૩) ખનકાર (૧૪) મામાટ (૧૫) કોકમ

# કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓને પુરસ્કાર આપવાની યોજનામાં સુધારા કરાયા

ગાંધીનગર, તા.૧૯

જિલ્લા કલેકટરો અને ડી.ડી.ઓને સારી કામગીરી બદલ પુરસ્કાર આપવાની યોજનાની સમીક્ષા કરીને નવી યોજના તૈયાર કરી દેવામાં આવી છે. અને ટૂંકમાં તેને અમલી બનાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓને સારી કામગીરી બદલ પુરસ્કાર આપવા માટેની સુધારેલી યોજનાને વર્ષ ૨૦૧૩માં પાંચ વર્ષ પૂરા થતાં આ યોજનાની સમીક્ષા કરવાની જરુરીયાત જણાતા સામાન્ય વહીવટ વિભાગે આ યોજનાની સમીક્ષા માટે મહેસૂલ વિભાગના અગ્ર સચિવ પદે એક સમિતિની રચના કરવામાં આવી હતી.

આ સમિતિએ કરેલ સૂચનો અન્વયે રાજય સરકારના (તબીબી સેવા અને તબીબી શિક્ષણ) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્યસચિવ વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ, આદિજાતિ વિભાગના અગ્રસચિવ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના અગ્રસચિવે ચર્ચામાં ભાગ લઈને કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીઓને વિકાસ અધિકારીની સારી કામગીરી બદલ પુરસ્કાર આપવા માટે અપાયેલ હાલના ગુણમાં તેમજ કેટલીક બાબતોને સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગને અપર્યાપ્ત પ્રાધાન્ય આપવામાં આવેલ છે એવું જણાવ્યું હતું.

આ સચિવોના જિલ્લા કલેકટર તરીકેની કામગીરીના અનુભવોને પણ સમાવી શકાય તેવું સૂચન કરીને રાજય સરકારે શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ પદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં મહેસૂલ વિભાગના અગ્રસચિવ સામાન્ય વહીવટ વિભાગ કમિશ્નર જમીન સૂધારણાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ સમિતિએ સુધારેલી યોજનાની સમીક્ષા કરીને કેટલાક સુધારાઓ સાથેની એક નવી યોજના તૈયાર કરવામાં આવી છે અને આ યોજનામાં તમામ વિભાગોની કામગીરીને પૂરતું અને પર્યાપ્ત પ્રાધાન્ય મળે તે પ્રકારના ગુણ પણ નકકી કરવામાં આવ્યા છે. વર્તમાન યોજનામાં સુધારા કરીને કલેકટર જિલ્લા વિકાસ અધિકારીઓને સારી કામગીરી બદલ પુરસ્કાર આપવા માટેની તૈયાર કરેલી આ યોજનાને સરકારની મંજુરી મેળવીને ટૂંકમાં અમલી બનાવવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# ચિલોડા સર્કલે હાઈમાસ લાઈટની તાતી જરૂરિયાત

## ૨૪ કલાક ધમધમતા નેશનલ હાઈવેને કારણે અકસ્માતનો ભય

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાનું ચિલોડા એક એવું સ્થળ છે જે જિલ્લાનું મુખ્ય પ્રવેશ દ્વાર તરીકે પણ ઓળખાય છે. નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા ચિલોડા ચાર રસ્તા ૨૪ કલાક ટ્રાફિકથી ધમધમતા રહે છે પરંતુ અતિ મહત્વનું જાહેર સ્થળ હોવા છતાં મુખ્ય સર્કલ પર હાઈમાસ લાઈટની વ્યવસ્થા નહી હોવાથી રાત્રિના સમયે વાહનચાલકો ઉપરાંત રાહદારીઓ અને મુસાફરો માટે ભયજનક માહોલની પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાંથી ગાંધીનગર આવવા માટે ચિલોડા સર્કલ એ મુખ્ય પ્રવેશદ્વાર હોવા ઉપરાંત અમદાવાદથી હિંમતનગર અને છેક રાજસ્થાન તરફ જવા માટેના નેશનલ હાઈવે નં. ૮ મેઈન પીકઅપ પોઈન્ટ પણ છે. જેના કારણે અહીં ટ્રાફિકનો ઓવરડોઝ રહ્યા કરે છે. હાઈવે હોવાથી હેવી લોડીંગ વેહીકલ્સનો પણ અહીં ઘસારો એટલો જ હોય છે. અરવલ્લી જિલ્લાના વડાગામ, ધનસુરા અને બાયડના વિસ્તારમાં આવેલી કપચીની ક્વોરીઓને કારણે ગાંધીનગર, અમદાવાદ અને ગુજરાતના અન્ય સ્થળે જતી કપચીની ટ્રકો અહીં અગણિત સંખ્યામાં જોવા મળે છે. વળી અહીં આવેલી આઈવે હોટલોને કારણે મોટાભાગના લાંબા અંતરના વાહનો જેવા કે ડમ્પર, ટ્રેલર અને લકઝરી બસો અહીં વિરામ માટે ઉભી રહે છે. હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ તેમજ આસપાસના વિસ્તારમાંથી વેપારધંધાના કામ અર્થે વારંવાર અમદાવાદ અપડાઉન કરતા વેપારીઓ, ગાંધીનગર ભણવા આવતા તલોદ, પ્રાંતિજ અને દહેગામ તરફના વિદ્યાર્થીઓ તેમજ નોકરિયાતોનો પ્રવાહ પણ વણ થંભ્યો રહેવાથી આ સર્કલે મેળો જામતો હોય તેવું દશ્ય અવારનવાર સર્જાય છે. રાજસ્થાન અને ઉત્તરપ્રદેશથી આવતા અને તે તરફ જતા પરપ્રાંતિય કારીગર વર્ગ માટે પણ આ પીકઅપ પોઈન્ટ હોવાથી રાત્રીના સમયે લકઝરી બસો અને ખાનગી વાહનોનો અહીં ખડકલો થવા પામે છે. અહીં નજીકમાં જ ચિલોડા ગામનું લોકલ માર્કેટ, શાકમાર્કેટ, સર્કલ પાસે જ પોલીસ સ્ટેશન, એસ.ટી. પીકઅપ પોઈન્ટ, પેટ્રોલપંપ તેમજ હિંમતનગર, દહેગામ, અમદાવાદ અને ગાંધીનગર તરફના મુખ્ય માર્ગો સિવાય ચિલોડા ગામ અને સિંહોલી અને દશેલા તરફ જતા માર્ગોનો સમન્વય થવાથી આ સર્કલ મહત્વનું અને મોટામાં મોટુ સર્કલ બનેલ છે.

આ સર્કલે સુરક્ષા માટે સીસીટીવી કેમેરા તો લગાડેલા છે પરંતુ આટલા ભરચક ભીડભાડવાળી જગ્યા હોવા ઉપરાંત દરેક પ્રકારના વાહનોનો સતત ટ્રાફિક રાત્રિના સમયે ખૂબ જ જોખમી વિસ્તાર બની જાય છે અને છાશવારે નાના-મોટા અકસ્માત સર્જાતા રહે છે. કેટલાય વાહનો મુખ્ય સર્કલ ના દેખાવાથી તેની રેલીંગ તોડીને ઘુસી ગયાના દાખલા ભૂતકાળમાં બનેલા છે આ સર્કલ રક્ષાશક્તિ યુનિવર્સિટીએ દત્તક લીધુ હોવા છતાં વચ્ચે ઉગાડવામાં આવેલા ઝાડ અને બોગન-વેલનું ટ્રીમીંગ સમયસર થતુ નથી જેથી હાઈવેના વાહનોને લાઈટના અભાવે નજરદોષ થવાની શક્યતા વધી જાય છે. આવા માહોલમાં અસામાજીક તત્વોને પણ ફાવતુ મેદાન મળી જાય છે. તેમજ નજીકમાં જ આર્મી છાવણી વિસ્તાર આવેલો હોવાથી અહીં એક ઉંચા પોલ પર હાઈમાસ લાઈટની તાતી જરૂરિયાત ઉભી થવા પામેલ છે.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# યુનિવર્સિટી પુરવણી કાંડની નિષ્પક્ષ તપાસની માંગ થઈ

## જુદી જુદી માંગ સાથે કુલપતિને આવેદનપત્ર આપી દેવાયુ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત યુનિવર્સિટીમાં પૂર્વ કુલપતિ પરીમલ ત્રિવેદીના કાર્યકાળ દરમિયાન વર્ષ ૨૦૧૦થી સેમેસ્ટર સિસ્ટમ અમલમાં મુકવામાં આવી હતી.

આ સમય દરમિયાન ખરીદવામાં આવેલા પુરવણીઓ કૌભાંડ આચરાયો હોવાના આક્ષેપ સિન્ડીકેટ સભ્યો દ્વારા કરવામાં આવી રહ્યા છે ત્યારે આજે આ કથિત કૌભાંડની સીબીઆઈ તપાસની માંગ સાથે સિન્ડીકેટ સભ્યો દ્વારા કુલપતિને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ અંગે સિન્ડીકેટ સભ્ય હિમાશું પટેલે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૨માં વર્ષ ૨૦૧૦ના ભાવે ઉત્તરવહી ખરીદવામાં આવેલ કુલપતિ આદેશપાલે વગર ટેન્ડર અને જરૂરીયાત કરતાં વધાર ૪૦ લાખ ૨૪ પેઝને ઉત્તરવહી રૂા. ૪.૭૪ પૈસાના ભાવે નવનીત પાસેથી ખરીદી હતી જેમ ક્રિષ્ટલ, જય ઓફસેટ અને ઉચિતા કંપનીઓએ કાર્ટલ કરી રૂા. ૩.૬૬ ના ભાવે આજ કંપની દ્વારા જાન્યુઆરીમાં ૨૪ પેઝની ઉત્તરવહી આપવામાં આવેલ તેમ છતાં વર્ષ ૨૦૧૨માં વર્ષ ૨૦૧૦ના ભાવે ઉત્તરવહી આપનાર નવનીત કંપનીને વર્ષ ૨૦૧૨માં જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં એક ઉત્તરવહીએ રૂા. ૧ અને ૧૦ પૈસાનો વધારે જે ૪ ટકા જેટલો થાય છે. તેટલો લઈ યુનિવર્સિટીને લગભગ ૧ કરોડના ખાડામાં ઉતારી આદેશપાલે ભ્રષ્ટાચાર કર્યા. જેમાં ૩૦ લાખ ૮ પેઝની ઉત્રવહી, ૭૫ લાખ સ્ટીકર અને પાંચ લાખ પેઝની ઉત્તરવહીનો સમાવેશ થાય છે. ૨૦૧૨માં ખરીદાયેલા ૪૦ લાખ ઉત્તરવહીને આદેશપાલ અને તેના મળતીયા રાજેશ પટેલ અને નરેન્દ્ર પટેલ દ્વારા ગુમ કરી દઈ અગાઉના વર્ષોની જેમ આ ઉત્તરવહી ૨ વર્ષથી વધારે ચાલી શકે તેમ હોવા છતાં ફરી હાલ ઓક્ટોબર ૨૦૧૩માં ટેન્ડર બહાર પાડી ૩૦ લાખ, ૨૦ લાખ અને ૩૫ લાખ સ્ટીકર મંગાવવામાં આવ્યા જેમાં આજ નવનીત કંપની સપ્ટેમ્બરમાં આપેલ ઉત્તરવહીનો ભાવ રૂા. ૪.૭૪ ભર્યો. આમ નવનીત કંપની દ્વારા એક જ પ્રકારની ઉત્તરવહીનો ભાવ જાન્યુઆરીમાં રૂા ૩.૬૬ સપ્ટેમ્બરમાં રૂા. ૪.૭૪ અને નવેમ્બરમાં રૂા. ૪.૭૪ ભરતા અગાઉ ખરીદાયેલ ઉત્તરવહીમાં ભ્રષ્ટાચાર થયેલ સાબિત થાય છે.

## પાલનપુર તાલુકાના હાવીદય ગંગેશ્વર મહાદેવ ખાતે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

પાલનપુર, તા. ૧૯

પાલનપુર તાલુકાના હાથીદરા ખાતે આવેલ હરગંગેશ્વર મહાદેવ સંસ્થાન દ્વારા મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરેલ છે.

શ્રી હરગંગેશ્વર મહાદેવ મંદિર હાથીદરાના પ્રાંગણમાં તા. ૧૦ ડિસેમ્બરથી ૧૮ ડિસેમ્બર સુધી શ્રી રામ ચરિત માનસ કથા શ્રી મહા વિષ્ણુયાગ અને શ્રી રામ દરબાર, શ્રી લક્ષ્મીનારાયણ, શ્રી રાધાકૃષ્ણ અને ભક્તશ્રી જલારામ બાપા મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ શૂભ પ્રસંગે મંદિર ખાતે ગુજરાતના ખ્યાતનામ કલાકારો હરેશદાન ગઢવી, મહેશભાઈ ગઢવી તથા ગુજરાતી લોક ગાયક હેમંત ચૌહાણ દ્વારા લોક ડાયરો અને ભજન સંધ્યા યોજાશે. આ પ્રસંગને દિપાવવા માટે હાથીદરા હરગંગેશ્વર મહાદેવના મહંત દયાલપુરી મહારાજ ભક્તો સાથે જહેમત ઉઠાવી રહ્યા છે.

### કોંગ્રેસે ત્રણે લોકમાં... ● પહેલા પાનાનું ચાલુ

કહ્યું કે, ગુજરાતની સરકાર તો પ્રચંડ જનસમર્થનથી સૌના સાથ સૌના વિકાસની ભાવનાને વહેલી છે. રાજસ્થાનની કોંગી સરકાર જેમ સ્વના વિકાસ કે પરિવારભક્તોને નહીં તેવો વેધક કટાક્ષ તેમણે કર્યો હતો.નરેન્દ્ર મોદીએ પ્રદેશ અને રાષ્ટ્રના વિકાસ માટે કોંગ્રેસમુક્ત ભારતનું આહવાન આપતાં કોંગ્રેસના ભ્રષ્ટાચારી શાસનની નીતેરીતી ખુલ્લી પાડી હતી અને જણાવ્યું કે, આકાશ, પૃથ્વી, જલ, થલ, પાતાળ, એક પણ ક્ષેત્ર આ લોકોએ ભ્રષ્ટાચારથી બાકાત રાખ્યું નથી. એમને તો પૈસા ક્યાંથી મળે એમાં જ રસ છે. પ્રજાની પરવા જ નથી. આ સંદર્ભમાં તેમણે વિદેશી બેન્કોમાં રહેલા બેહિસાબી નાણાંની ચિંતા કોંગ્રેસને છે, પરંતુ દેશની જનતાને કારમી મોંઘવારીમાંથી બહાર કાઢવાની ચિંતા નથી તેમ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

### કોંગ્રેસ ઉગ્ર માંગ... ● છેલ્લા પાનાનું ચાલુ

હોવા છતાં હજુ સુધી ભાજપ સરકાર દ્વારા ઓરમાયું વર્તન રાખી તેમની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવતું નથી. જેના કારણે શ્રીમતી ગાંધીનું અપમાન કરવામાં આવેલ હોઈ જો આ પ્રતિમાનું અનાવરણ કરવામાં નહિ આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે અને તેમ છતાં તેનો નિકાલ કરવામાં નહિ આવે તો ના છુટકે કોંગ્રેસ દ્વારા આ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે અને તેની સંપૂર્ણ જવાબદારી ભાજપ સરકારની રહેશે.

વધુમાં આ કાર્યક્રમમાં પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રીમતી ઈન્દિરા ગાંધીના વિચારોને મૂર્તિમંત કરવા સારૂ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી મુકેશ પટેલ, પ્રદેશ મંત્રી વિક્રમસિંહ ખાચર, પક્ષના નેતા ચિમનભાઈ વિંઝુડા, સહકારી આગેવાન પરેશ પટેલ, કોર્પોરેટર શૈલેન્દ્રસિંહ બિહોલા, હસમુખ મકવાણા, અશોક શ્રીમાળી, હર્ષજીત પંડ્યા, તેજાભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ દેસાઈ, વિજયસિંહ વાઘેલા, કે.પી. સોલંકી, વિજયભાઈ સોલંકી, મુકેશભાઈ મારૂ તેમજ મહિલા આગેવાન શ્રી પ્રેમબા હાડા, તેમજ અન્ય મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત : કેબીનેટ બેઠક આજે નહી યોજાય

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આ સપ્તાહ દરમિયાન વિવિધ રાજયોમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હોઈ આવતીકાલે રાજયમંત્રી મંડળની બેઠક મુલત્વી રાખવામાં આવી છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મધ્યપ્રદેશ રાજસ્થાન અને દિલ્હી વિધાનસભાની ચૂંટણીઓ માટે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. આજે રાજસ્થાનમાં મુખ્યમંત્રીએ ત્રણ જેટલી રેલીઓને સંબોધન કર્યું હતું. આવતીકાલે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી મધ્યપ્રદેશના પ્રવાસે જનાર છે જયાં તેઓ રેલીઓને સંબોધન કરનાર છે.

૨૧મીએ ઉત્તર પ્રદેશના આગ્રા ખાતે ૨૨મીએ મધ્યપ્રદેશમાં ૨૩મીએ રાજસ્થાનમાં અને ૩૦મીએ દિલ્હીમાં રેલીને સંબોધશે. આ આખું સપ્તાહ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હોવાને કારણે આવતીકાલે કેબીનેટની બેઠક મુલત્વી રાખવામાં આવનાર છે.

આ ઉપરાંત સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી સપ્તાહથી મંત્રીઓ વિવિધ રાજયોમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની પ્રચાર અને પ્રસારની કામગીરી માટે પ્રવાસે જનાર હોઈ આગામી સપ્તાહમાં પણ કેબીનેટ બેઠક યોજવામાં નહીં આવનાર હોવાનું જાણવા મળે છે.

# બનાવટી ચલણી નોટો સાથે બેની અટકાયત

અમદાવાદ, તા.૧૯

દેશના અર્થતંત્રને ખોખલું કરવાના ઈરાદાથી સરહદ પાસેથી ભારતીય બજારમાં લાખોની બનાવટી ચલણી નોટો ઘુસાડનારા બે યુવકોની અંતે ક્રાઈમબ્રાન્ચે ધરપકડ કરી છે. શહેરમાં ક્રાઈમબ્રાન્ચની ટીમે પેટ્રોલીંગ દરમિયાન બાતમીના આધારે ઉજાલા સર્કલ પાસેના રૂપેશ કોમ્પલેક્ષ સામેથી આરોપી શિવકુમાર બીગનરામ ચન્દ્રવંશી (ઉ.૩૩) તથા મહેન્દ્ર રામઆશ્રયસિંગ શર્મા (ઉ. ૨૮)ને આજરોજ પકડી પાડ્યા છે. તેમની પાસેથી રૂા. ૧૦૦૦ના દરની ૯૫ નોટો તથા રૂા. ૫૦૦ના દરની ૧૯૯ નોટો મળી કુલ રૂા. ૧,૯૪,૫૦૦ની બનાવટી ચલણી નોટો મળી આવી છે. તેઓની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેઓએ બિહારમાં રહેતા ગુપ્તાકુમાર ઉર્ફે ગુપ્તાજી રામદહીનસિંગ શર્મા પાસેથી રૂપિયા એક લાખની અસલ નોટો આપીને રૂપિયા બે લાખની નકલી નોટો લીધી હતી. અને આ નોટો બજારમાં પરતી કરવા માટે તેમને કમિશન મળતું હતું.

આ નકલી ચલણી નોટો ભદ્રપુર બોર્ડર નેપાળથી બિહારમાં કિશનગઢ ભાગલપુર બોધ ગયા જ્યારે પશ્ચિમ બંગાળમાં માલ્દા તથા યુપીમાં ફતેહપુર સીડી મારફતે સમગ્ર ભારતભરમાં નેટવર્ક ફેલાયલ છે. પકડાયેલ આરોપી વિરૂદ્ધ ગુનો દાખલ કરીને તપાસ હાથ ધરાઈ છે.

# પાલનપુર જી.ડી. મોદી કોલેજ ખાતે ચાલુ મેચે એટેક આવતા ખેલાડીનું ઘટનાસ્થળે મોત

પાલનપુર, તા. ૧૯

પાલનપુરમાં આવેલી જી.ડી. મોદી કોલેજ ખાતે રમાતી ઝેટકોની ઈન્ટર સર્કલ ક્રિકેટ મેચ દરમ્યાન બોલીંગ કરતા બોલરને ચાલુ મેચે હૃદયરોગનો હૂમલો અચાનક દુઃખાવો થતા ૧૦૮ મારફતે સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે હૃદયરોગનો હુમલો થતા મોત નિપજ્યું



થતા મોત નિપજ્યું હતું.

જી.ડી. મોદી કોલેજ ખાતે ઝેટકો ઈન્ટર સર્કલ ક્રિકેટ મેચ યોજવામાં આવી હતી. જેમાં ૧૪ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં હિંમતનગર અને જામનગર ઝેટકોની મેચ દરમ્યાન જામનગર ઝેટકોના ખેલાડી આર.એન. ગોસાઈ તેમની ઓવર પૂર્ણ કરી ફિલ્ડીંગ કરી રહ્યા હતા તે દરમ્યાન તેમને છાતીમાં હોવાનું જણાવતા મેદાન પર શોકનું વાતાવરણ છવાઈ ગયું હતું.

જામનગર ઝેટકો ખાતે આર.એન.ગોસાઈ ઉં.વ. ૪૪ ફરજ બજાવતા હતા. ચાલુ મેચે મોત થવાથી ઝેટકો અને ઉપસ્થિત ખેલાડીઓના પગ નીચેથી ધરતી સરકી જવા પામી હતી. અને તેમના મોતના સમાચારથી જામનગર ખાતે પણ શોકનું વાતાવરણ છવાઈ ગયું હતું.

### ૧૪ કરોડ... ● પહેલા પાનાનું ચાલુ

આંતરિક માર્ગોના નવીનીકરણ માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આ દરમિયાન સે-૬ થી ૧૯ના માર્ગોની બાકી કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે. ચાર વર્ષના અંતે માર્ગ સુધારણાનું કામ હાથ ધરાતા સ્થાનિક રહીશોની રજૂઆતનો અંત આવશે.

શહેરના ૬૧૪ કીલોમીટરના રોડ નેટવર્કને ચકાચક બનાવવા તંત્ર દ્વારા તબક્કાવાર માર્ગ સુધારણાના કામો હાથ ધરવામાં આવે છે. નવા સેકટરોના આંતરિક માર્ગોને ટનાટન બનાવાયા બાદ હવે લાંબા સમયના અંતે જૂના સેકટરોના માર્ગોનું નવીનીકરણ હાથ ધરાશે. થોડા સમય અગાઉ જ માર્ગ-મકાન વિભાગ દ્વારા શહેરમાં વિવિધ માર્ગોની સુધારણા માટે રૂ.૩૭ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી. જે અન્વયે 'ગ' અને 'ક' માર્ગ ઉપરાંત શહેરના ઉભા ૧ થી ૩ નંબરના રસ્તાઓને ચકાચક બનાવવામાં આવનાર છે. આ ઉપરાંત સેકટરોના આંતરિક માર્ગોનું પણ કામ હાથ ધરાશે. જેમાં સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોની સુધારણાનું કામ પણ હવે શરુ થશે. ચાર વર્ષના લાંબા સમય ગાળાના અંતે સેકટરોના આંતરિક માર્ગો કાચબાની પીઠ જેવા બનતા રસ્તાઓની સુધારણા માટે આમ નાગરિકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી હતી. ગત ચોમાસાના અંતે પણ માર્ગોનું ધોવાણ થતા સેકટરોના આંતરિક રસ્તાઓ ઉબડ ખાબડ બન્યા છે. સે-૨૦ થી ૩૦ના આંતરિક માર્ગોના કામ માટે તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે હવે ટૂંકમાં કામ શરુ કરી દેવાશે. સે-૬ થી ૧૯ના આંતરિક રોડ નેટવર્કનું બાકી કામ પણ આ દરમિયાન પૂર્ણ કરાશે.